**ફો.પ.અરજી નંબર : ૩૮૨૦/૨૦૨૫**

**અરજદાર દિવ્યરાજસિંહ કલ્પેશસિંહ જાદવ પદ્યુમન નગર પોલીસ સ્ટેશન ફરિયાદ નંબર એન.સી.આર.પી નંબર ૨૪૫/૨૦૨૫ થી બેકંમાં ફ્રિઝ થયેલ રકમ મૂકત/રિફંડ કરવા માટે બી.એન.એસ ૪૯૭ અને ૫૦૩ મુજબની અરજી તળે હુકમ**

---

(૧) હાલની અરજીના અરજદાર **દિવ્યરાજસિંહ કલ્પેશસિંહ જાદવ** ક્રાઈમ પોલીસમાં તેઓના બેન્ક State Bank of India ના A/C NO 39920466818 માંથી રૂા. ૪૩,૮૮૮/- ઉપડી ગયેલ હતા. જે બાબતે ફરીયાદ એનસીઆરપી પોર્ટલમાં ૧૯૩૦ નંબર ઉપર કોઈ કરીને નોધાવતા સદરહુ રકમથી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના તપાસનીશ અધિકારી ધ્વારા તપાસ કરતા જાણવા મળેલ કે, અરજદારના ઉપરોકત એકાઉન્ટમાંથી સામાવાળાના ૧) Utkarsh Small Finance Bank Limited ના A/C NO. 1578018884000000 વાળા ખાતામાં **રૂા. ૮,૩૩૯.,૮૫/-(૨)** UCO Bank ના A/C NO. 28763211130291 વાળા ખાતામાં **રૂા. ૧,૦૭૦,૩૦/-** પેમેન્ટ મળી જતા ઓનલાઈન બીએનએસ ની કલમ- ૧૦૬ મુજબ જમા કરાવેલ હતા. જે હાલ સુધી બેંકમાં જેમના તેમ પડી રહેલ છે અને અરજદારને પરત મળેલ નથી. આ બાબતે એફ.આઈ.આર. થયેલ નથી. જેથી અરજદારને મોટુ આર્થિક નુકસાન થયેલ છે જેથી અરજદારે ઉપરોકત રકમ મેળવવા હાલની અરજી કરેલ છે. અરજદાર તરફે તેઓની અરજીના સમર્થનમાં ઓળખનો પુરાવો અને પાસબુકની નકલ રજૂ કરેલ છે.

(૨) સદર અરજી આવતા તપાસ કરનાર અમલદારને અભિપ્રયા રજૂ કરવા યાદી કરેલ. તપાસ કરનાર અધિકારીએ અરજદારની ફરિયાદના આધારે સાયબર ક્રાઈમ સેલ સી.આઈ.ડી. ક્રાઈમ ધ્વારા અરજદારના ઉપરોકત ખાતામાંથી ગયેલ નાણા પૈકી સામાવાળાના ૧) Utkarsh Small Finance Bank Limited ના A/C NO. 1578018884000000 વાળા ખાતામાં **રૂા. ૮,૩૩૯.,૮૫/-(૨)** UCO Bank ના A/C NO. 28763211130291 વાળા ખાતામાં **રૂા. ૧,૦૭૦,૩૦/-** માં બી.એન.એસ. ૧૦૬ મુજબ ફ્રિઝ કરાવેલ છે. તેમજ સદર

બેંક ખાતા બનાવટી હોવાનું જણાઈ આવેલ છે અને સદરહુ ખાતુ સિઝ કર્યા બાદ ખાતેદાર કે અન્ય કોઈ વ્યકિતએ સિઝ કર્યા બાબત તેમના સમક્ષ(પોલીસ)માં કોઈ વાંધો તકરાર જણાવેલ નથી. જેથી તે રૂપિયા અરજદારને પાછા આપવા અભિપ્રાય આપેલ છે.

(૩) સદરહુ મુદ્દામાલ રોકડ રકમ સંબંધે અરજદાર સિવાય અન્ય કોઈએ કલેઈમ કરેલ નથી. તેમજ મુદ્દામાલ રોકડ રકમ છે, જો વધુ સમય બિનવપરાશી બેંક ખાતામાં પડી રહે તો અરજદારને આર્થિક નુકસાની સહન કરવી પડે તેમ છે. સદરહુ ગુન્હા બાબતે એફ.આઈ.આર. નોંધાયેલ નથી.તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય વંચાણે લેતાં અરજદારની રકમ સામાવાળા શંકાસ્પદ ૧) Utkarsh Small Finance Bank Limited ના A/C NO. 1578018884000000 વાળા ખાતામાં **રૂા. ૮,૩૩૯.,૮૫/-(૨)** UCO Bank ના A/C NO. 28763211130291 વાળા ખાતામાં **રૂા. ૧,૦૭૦,૩૦/-** ઉપડી ગયેલ.આમ, અરજદાર સાથે **રૂા.૪૩,૮૮૮/-** નું ફ્રોડ થયેલ જે બાબતે અરજદારે NCRP NO 245/2025 થી ફરીયાદ નોધાવેલ જેના આધારે ટીકીટ નંબર **૩૧૧૦૪૨૫૦૦૭૧૬૦૮** નંબર આપવામાં આવેલ જે ફરીયાદ આધારે સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ સી. આઈ. ડી. ક્રાઈમ ગાંધીનગર ધ્વારા અરજદારના ઉપરોકત ખાતમાંથી ગયેલ નાણા પૈકી સામાવાળા શંકાસ્પદ ૧) Utkarsh Small Finance Bank Limited ના A/C NO. 1578018884000000 વાળા ખાતામાં **રૂા. ૮,૩૩૯.,૮૫/-(૨)** UCO Bank ના A/C NO. 28763211130291 વાળા ખાતામાં **રૂા. ૧,૦૭૦,૩૦/-**બી.એન.એસ. ૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ છે જેથી મુદ્દામાલ રોકડ રકમ નીચેની શરતોને આધિન અરજદારને પરત સોંપવામાં આવે તો ન્યાયનો હેતું જળવાય તેમ છે. આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-::હુકમ::-**

- અરજદારની અરજી મંજૂર કરવામાં આવે છે.
- તપાસ કરનાર અમલદારને અરજદારની પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશન ફરિયાદ નંબર એન.સી.આર.પી. નંબર **૨૪૫/૨૪** ની ફરિયાદના કામે ૧) Utkarsh Small Finance

Bank Limited ના A/C NO. **1578018884000000** વાળા ખાતામાં **રૂા. ૮,૩૩૯.,૮૫/-(૨)** UCO Bank ના A/C NO. **28763211130291** વાળા ખાતામાં **રૂા. ૧,૦૭૦,૩૦/-** ફ્રિજ કરવામાં આવેલ રકમ તે અરજદાર State Bank of India ના A/C NO **39920466818** માં જમા કરાવવી.

**-:: શરતો ::-**

- અરજદારે મુદ્દામાલ રકમ તપાસના કામે જરૂર પડે તો ફરીથી સંબધિત ત.ક.અ.શ્રી ફરમાવે ત્યારે અને જો ટ્રાયલ દરમ્યાન જમા કરવાનું કોર્ટ ફરમાવે તો સંબંધિત પોલીસ સ્ટેશન અથવા કોર્ટમાં રજૂ રાખવાની રહેશે.
- હુકમ કરવામાં આવેલી ફ્રિઝ થયેલી રકમ અંગે સાધનિક પુરાવાઓ સાથે અન્ય કોઈ વ્યકિત કલેઈમ કરે અને સાબિત કરે કે આ રકમ તેની છે અને કોર્ટ તે રકમ પરત કરવા હુકમ કરે તો તે રકમ પરત કરવા માટે જરૂરી બાહેંધરી ત.ક.અ.શ્રી સમક્ષ રજૂ કરવી.
- હુકમની જાણ સંબંધિત પોલીસ સ્ટેશને યાદીથી કરવી.

હુકમ આજ તા: ૨૨/૦૯/૨૦૨૫ ના રોજ ખૂલ્લી અદાલતમાં જાહેર કર્યો.

રાજકોટ
તા. ૨૨/૦૯/૨૦૨૫

**(અભય સંજય ખંડેલવાલ)**
સાતમાં અધિક જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ,
રાજકોટ.
UIC NO. GJ01662